પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.

શાહીબાગ,અમદાવાદ

વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.

Email:Spl1-ahd@gujarat.gov.in


## જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એકટ ૩૭(૧) અન્વયે**

**નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/ ૦૬/૨૦૨૧**

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૨૩/૦૧/૨૦૨૧ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ મહાનગર પાલિકા ચૂંટણી તા.૨૧/૦૨/૨૦૨૧ યોજાનાર છે. તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક ૪૬૪/ એલએન્ડઓ/ પીએલએન-૧ તા.૧૩/૦૩/૯૬ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતઓને શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા દેવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં-૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરની હુકમતમાં કોઈપણ વ્યકિત પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર લઈ જઈ કે ફરી શકશે નહી.

આ હુકમ નીચેની વ્યકિતને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) ઈન્ડીયન નેશનલ રાયફલ એઓસીએશન સભ્યો.

(3) માન્યતા ધરાવતી સિક્યુરિટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીય, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એટીએમ તથા કરન્સી ચેસ્ટની લેવદ-દેવડ કરતા હોય તેવા હથીયારધારી સિક્યુરિટી ગાર્ડને તેમના હથીયાર જમાં કરાવવામાં મુક્તી આપવામાં આવે છે. આવા સિક્યુરિટી ગાર્ડ તેઓ જે બેંકમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબધીત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓએના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તારીખ તા.૦૪/૦૨/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૮/૦૨/૨૦૨૧ ના કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટ્સ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩/૦૨/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.
(૨૪) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન
(૨૬) પો.સબ.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન
(૨૭) પો.ઈન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૯) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(30) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર